## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



સાહેબ... અમુક આવીને માર મારી જાય છે અને બીજી બાજુ અમુક આવીને રોવા પણ નથી દેતા...! આ જ અમારી સમસ્યા છે... !!

# જિલ્લાની શાળાઓમાં ૧૪૫ શિક્ષકોની ઘટ

## આજની ભરતી પ્રક્રીયા પણ રદ : જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા શિક્ષકોની ઘટ નિવારવા માટે અગાઉ પ્રવાસી શિક્ષકોની પણ ભરતી કરી હતી

ગાંધીનગર તા ૩

ગાંધીનગર જિલ્લાની માધ્યમિક શાળામાં શિક્ષકોની ભરતી પ્રકીયા મોકુફ રાખવામાં આવી છે. જિલ્લાની માધ્યમિક શાળામાં ૨૨ શિક્ષકોની ઘટ નિવારવા આજે શિક્ષકોની ભરતી કરવા પ્રકીયા હાથ ધરવા માટે આયોજન કરાયુ હતુ. પરંતુ ટેકનિકલ કારણોસર ભરતીની કાર્યવાહી રદ કરવામાં આવી છે. જિલ્લાની ઉચ્ચતર માધ્યમિક શાળામાં પણ ૧૨૩ શિક્ષકોની ઘટ છે. શિક્ષણતંત્ર દ્વારા શિક્ષકોની ઘટના પ્રશ્નને અનુલક્ષી પ્રવાસી શિક્ષકોની ભરતી કરવામાં આવી હતી.

ગાંધીનગર જિલ્લામાં પણ શિક્ષણતંત્રમાં દિવાતળે અંધારા જેવી સ્થિતિ છે. શહેર તેમજ જિલ્લાની સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે જરૂરી પાયાની સવલતોનો અભાવ વર્તાય છે. જયારે શિક્ષણ ક્ષેત્રે શિક્ષકોની ઘટનો જુનો પ્રશ્ન હજુ પણ હલ થયો નથી. થોડા સમય અગાઉ જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા શિક્ષકોની ઘટ નિવારવા માટે પ્રવાસી શિક્ષકોની ભરતી કરવામાં આવી હતી. જયારે માધ્યમિક વિભાગમાં ૨૨ શિક્ષકોની ઘટ નિવારવા માટે આવતીકાલે ગુરૂવારે ભરતી પ્રક્રીયાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. પરંતુ ટેકનિકલ કારણોસર આ ભરતી પ્રક્રીયા રદ કરવામાં આવી છે. જિલ્લાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પણ ૧૨૩ શિક્ષકોની ઘટ છે.

## ખૂણે ખાંચરેથી...

- કલોલ તાલુકા પંચાયતની સામાન્ય સભા ૯મી ઓગષ્ટના રોજ મળશે.
- ગાંધીનગર જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન ગીતાબેન પટેલ અને ઈન્ચાર્જ ડીપીઈઓ સંજયભાઈ શિક્ષકોની ચાલી રહેલ તાલિમના વર્ગોમાં જઈ શિક્ષિકાઓ અને શિક્ષકો સાથે ચિંતનમાં જોડાયા હતા.
- ગાંધીનગર શહેરમાં આજે દિવસ દરમ્યાન પડેલા વરસાદને પગલે પાણી જાહેર સ્થાનો પર ભરાઈ જવા પામ્યા છે.
- ગાંધીનગર જિલ્લામાં મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી નિમિત્તે વિવિધ કાર્યક્રમો ચાલી રહ્યા છે.
- જિલ્લામાં આજથી પવિત્ર શ્રાવણ માસનો ભક્તિભાવપૂર્ણ વાતાવરણમાં આરંભ થયો છે. શ્રાવણના આરંભની સાથે બજારમાં પણ નવી ફરાળી વાનગીઓ આજથી બજારમાં આવી છે.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ચોમાસાને પગલે બસો અનિયમિત બનતાં લોકોમાં રોષની લાગણી જન્મી છે.
- આજે ગાંધીનગર અને કોબા નજીક આવેલ કમલમ્ વચ્ચે સતત ગાડીઓની દોડધામ ચાલી રહી હતી.
- મુખ્યમંત્રીના કાર્યાલયમાં ફરજો બજાવતા સંપટને સ્પીપા ખાતે નિમણુંક આપતા હુકમો કરવામાં આવ્યા છે.



શ્રાવણ માસના પ્રથમ દિવસે સેક્ટર-૭ સીના શિવશક્તિ મંદિર ખાતે સવાલાખ રૂદ્રાક્ષના ૧૬ ફૂટ ઊંચા શિવલીંગને દર્શનાર્થે ખુલ્લું મૂકવામાં આવ્યું છે. આ શિવલીંગના દર્શનાર્થે શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# વાવોલ-ઉવારસદ રોડ પરથી રીવોલ્વર સાથે ત્રણ ઝડપાયા

## બાઈક લઈને એસ્સાર પેટ્રોલપંપ સામે ઉભેલા ત્રણેયને સે. ૭ પોલીસે ધરપકડ કરી : રીવોલ્વર જપ્ત

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી પોલીસ હથિયારના પરવાના વગર હથિયાર લઈને ફરતા શખ્સોને શોધી કાઢવા સકીય થઈ છે. ત્યારે સેક્ટર-૭ પી.આઈ. ડી.ડી. સોઢાની ટીમના પીએસઆઈ એમ.પી. ચૌહાણ તથા સ્ટાફે વધુ એક રિવોલ્વર સાથે ત્રણ શખ્સોને દબોચી લીધા છે. વાવોલ-ઉવારસદ રોડ પર આવેલા એસ્સાર પેટ્રોલ પંપની સામેના વિસ્તારમાં બાઈક લઈને આવેલા ત્રણ શખ્સો પાસે રિવોલ્વર હોવાની બાતમી પીએસઆઈ ચૌહાણને મળી હતી. બાતમીને આધારે પીએસઆઈ એમ.પી. ચૌહાણ તથા તેમની ટીમના દેવેન્દ્રસિંહ, રાજેન્દ્રસિંહ તથા શૈતાનસિંહ સહીતના માણસોએ બાતમીવાળા સ્થળે જઈ બાઈક લઈને આવેલા ત્રણ શખ્સોને પકડી પાડ્યા હતા.



વસ્ત્રાપુર વિસ્તારમાં પ્રશોષ મહેન્દ્ર ચૌહાણ, રોહીતરાજ શીશીભુશન ચૌહાણ અને સુઘડ પાસે સ્થિત અગોરા મોલની પાછળના વિસ્તારમાં આવેલી એટલાંટીક પાર્કમાં રહેતા કિસકુમાર બ્રિજકિશોર રાય ત્રણેય શખ્સોને પકડી પાડવામાં આવ્યા હતા. તપાસ કરતા એક શખ્સની પાસેથી રિવોલ્વર (દેશી બનાવટની) મળી આવી હતી. આ રિવોલ્વર કબ્જે લઈ ત્રણેયની ધરપકડ કરી પીએસઆઈ ચૌહાણે આરોપીઓ કેમ રિવોલ્વર લઈને આવ્યા હતા, અને ક્યાંથી લાવ્યા હતા તે સહિતની પુછપરછ આરંભી છે.

### ગાંધીનગર હોસ્પિટલમાં

# દવા લેવા માટે દર્દીઓની લાંબી કતારો

## ટોકન પધ્ધતિ બાદ આ પરિસ્થિતિ સર્જાઈ છે : બહાર ગામથી આવેલા દર્દીઓ દવા લીધા વિના પરત ફરે છે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર હોસ્પિટલમાં દવાની બારી પર દર્દીઓની લાંબી કતારો લાગે છે. ટોકન પધ્ધતિ બાદ આ પરિસ્થિતિ સર્જાઈ છે. બહાર ગામથી આવેલા દર્દીઓ દવા લીધા વિના પરત ફરે છે. દવાની ત્રણ બારી હોવા છતા લાઈનો લાગતા તંત્ર પણ અચંબામાં છે. હોસ્પિટલમાં આવેલ દવાબારી પરની ભીડ ઓછી થાય તેવુ લાભાર્થીઓ ઈચ્છી રહ્યા છે.

ગાંધીનગર મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલમાં દર્દીઓ હોસ્પિટલ તંત્રના નવા અભિગમને પગલે દર્દીઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. હોસ્પિટલમાં દર્દીઓને નવા કેસ માટે ટોકન પધ્ધિત અમલમાં મુકવામાં આવી છે. ટોકન લીધા બાદ નંબર આવે તેમ દર્દીઓ જે તે ઓપીડી વિભાગમાં ફરજ પર હાજર ડોકટર પાસે સારવાર માટે જાય છે. દર્દીઓને ઓપીડી વિભાગની લાંબી લાઈનોથી તંત્ર એ છુટકારો અપાવ્યો છે. પરંતુ દવાઓ લેવા માટે દર્દથી કણસી રહેલા દર્દીઓને લાંબી લાઈનોમાં કલાકો સુધી ઉભા રહેવાની ફરજ પડે છે.વિતી ગયેલા સમયમાં નાગરીક કેરોસીન ખરીદી કરવા માટે જેમ કલાકો સુધી લાઈનમાં ઉભો રહેતો હતો તે પરિસ્થિતિ અત્યારે હાલના દર્દીઓની થવા પામી છે. સવારથી આવેલા દર્દીઓને સાંજ સુધી દવાના ઠેકાણા પડતા નથી.દર્દીઓને દવા માટે લાંબી લાઈનમાં ઉભા રહેલા જોઈને હોસ્પિટલમાં કર્મીઓ પણ મનોમન દુખી થાય છે. પરંતુ તંત્રના અધિકારીઓની સામે કોઈ કંઈ પણ કહેવા તૈયાર નથી. દવાની બારી પર થતી લાઈનો દુર કરવા તંત્ર દ્વારા કોઈ યોગ્ય એકશન પ્લાન ઘડવામાં આવે તેવું લાભાર્થીઓ ઈચ્છી રહ્યા છે. જયારે ગાંધીનગર હોસ્પિટલમાં જિલ્લા સહિત આસપાસના જિલ્લાના દર્દીઓ પણ મોટીસંખ્યામાં આવે છે.ટ્રાન્સપોર્ટેશન વ્યવસ્થાને અનુરુપ ઘરે જવાનું હોવાથી કેટલાક દર્દીઓને ના છુટકે કલાકો સુધી લાઈનમાં ઉભા રહીને દવા વિના પરત ફરવાનો વારો આવે છે. હોસ્પિટલમાં દવા વિતરણ કરતા કર્મચારીઓની પણ લાંબી લાઈનોને પગલે હાલત કફોડી થઈ જવા પામે છે. ત્યારે દવાની લાંબી લાઈનમાંથી છુટકારો મળે તેવુ લાભાર્થીઓ ઈચ્છી રહ્યાં છે.

# વિરાટ દેવીપુજક સંઘ દ્વારા સ્પેશ્યલ અનામત આપવા સરકારમાં રજુઆત

ગાંધીનગર, તા.૩

દેવીપુજક સમાજના ઉધ્ધાર, વિકાસ માટે ઓબીસીના ૨૭ ટકા કવોટામાંથી વિચરતી વિમુકત જ્ઞાતિ (દેવીપુજક)ને એસસી, એસટી કેટેગરીની જેમ સ્પેશયલ સવલતવાળુ ૧૧ ટકા અનામત આપવા વિરાટ દેવીપુજક સંઘ દ્વારા સરકારમાં રજુઆત કરવામાં આવી છે. જયારે અનામતની સાથે વિરાટ દેવપુજક સંઘ દ્વારા વર્ષોથી પડતર વિવિધ માંગણીઓ પણ કરવામાં આવી છે તેમજ માંગણી નહી સંતોષાય ત્યાં સુધી ગાંધી ચિંધ્યામાર્ગે દેવીપુજક સંઘ દ્વારા લડત ચાલુ રાખવામાં આવશે તેમ સંઘના પ્રમુખ રૂપસંઘભાઈ ભરભીડીયાએ જણાવ્યું છે.

સમગ્ર રાજયમાં દેવીપુજકની સંખ્યા અંદાજે ૬૦ લાખ કરતા પણ વધારે છે. તેમજ વિચરતી અને વિમુકત જાતિ સાથે એક કરોડ કરતા પણ વધારે વસ્તી ધરાવે છે. પરંતુ દેવીપુજક સમાજ આર્થિક અને શિક્ષણની દ્રષ્ટિએ ખુબ જ પછાત હોય છે જેથી વિકાસ કરી શકતો નથી. સમાજમાં શિક્ષણ નહીવત હોવાથી શોષણનું પ્રમાણ વધી ગયું છે. ઓબીસીમાં ૧૪૬ જ્ઞાતિઓનો સમાવશે કરાયો તેમાં દેવીપુજક સમાજને વિકસીત જ્ઞાતિમાં સમાવેશ કરવાથી તેમને મળવાપાત્ર લાભો છીનવાઈ ગયા છે તેવુ દેવીપુજક વિરાટ સંઘનું માનવુ છે. વળી આ સમાજમાં અંધશ્રધ્ધા , બલી પ્રથા, બાધા આખડી વગેરે બદીઓના કારણે વિકાસથી વંચિત રહી જવા પામેલ છે. તેથી લોકશાહીના અધિકાર પ્રમાણે સંવિધાનના દાયરામાં રહીને અમારા સમાજની પ્રગતિ વિકાસ માટે ગુજરાત સરકારને અમારા વિકાસ માટે ઓબીસીના ૨૭ ટકા અનામત કવોટામાંથી દેવીપુજક સમાજ માટે અલગ ૧૧ ટકા પાડીને સ્પેશ્યલ એસ.ટી. એસ.સી. સવલતોવાળી અનામત અમારા સમાજને પ્રતિનિધીત્વ, શિક્ષણ, તેમજ ઉન્નતિના દરેક જોગવાઈવાળા અનામતની માંગ કરીએ છીએ. તેમજ વિચરતી અને વિમુકત જાતિની ૪૦ જ્ઞાતિઓને સાથે રાખીને ૧૧ ટકાવાળુ અનામતની માંગ સરકાર સમક્ષ કરી રહ્યા છે. જયારે વિવિધ પડતર માંગણીઓમાં કચ્છમાં રદ કરેલા અનુસુચિતના લાભ પરત ચાલુ કરવા(દેવીપુજક, પારધી,કોળી) વિગેર, શિક્ષણ, સ્વરોજગાર માટે વાઈબ્રન્ટ સ્માર્ટ શાકમાર્કેટ, ધર્મ પરંપરા, એટ્રોસીટી કાયદો દેવીપુજકની ગરીમા જાળવવા સહિતનો સમાવેશ થાય છે.

# આજે મુક્તિધામ ખાતે સંત ઈશરદાસજીની પ્રતિમાનું અનાવરણ કરાશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરના મુક્તિધામ સ્મશાન ખાતે હિન્દુ ધર્મના દેવ-દેવીઓ તથા સંતોની પ્રતિમાઓ પ્રસ્થાપિત કરાઈ છે. શહેરના ચારણ ગઢવી સમાજના મહાત્મા ભક્તવર સંત ઈશરદાસજીની પ્રતિમા પણ અહીં પ્રસ્થાપિત થનાર છે.

આ પ્રતિમાનું તા. ૪થી ઓગષ્ટના રોજ સાંજે ૫ કલાકે અનાવરણ કરવામાં આવશે.

સંત ઈશરદાસજી રાજસ્થાનના બાડમેર પરગણાના ભાદ્રેશ ગામે સુરાજી ચારણ અને અમરબા માતાના ખોરડે શ્રાવણ સુદ-૨ના રોજ સંવત ૧૫૧૫માં જન્મ્યા હતા. તેમણે શ્રી હરિરસ અને શ્રી દેવીયાણ જેવા પવિત્ર ગ્રંથોની રચના કરી હતી. તેમને ભગવાન કૃષ્ણનો સાક્ષાત્કાર થયો હતો. સંત ઈશરદાસજીની જન્મતિથી શ્રાવણ સુદ-૨ના રોજ તેમની મુક્તિધામ ખાતે તેમની પ્રતિમાનું અનાવરણ યોજવામાં આવ્યું છે. ગાંધીનગરના અખિલ ગુજરાત ચારણ-ગઢવી સમાજ ટ્રસ્ટ દ્વારા આ પ્રસંગે સમાજના સભ્યો તથા શ્રદ્ધાળુ નગરજનોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ગાંધીનગરની શાળા-મહાશાળાઓમાં સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ કરાયો

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરમાં આવેલી શૈક્ષણિક સંસ્થાઓમાં સ્વચ્છતા બાબતે વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવા બાબતે કેન્દ્ર સરકાર દ્વારા સ્વચ્છતા અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જેમાં વિદ્યાર્થીઓ સફાઈ અંગે ગાર્બેજ મેનેજમેન્ટ , જાહેર સ્થળો અને હોસ્પિટલોને લક્ષમાં રાખી કામગીરી કરશે.

ગાંધીનગર જિલ્લામાં પહેલીવાર શાળા અને મહાશાળાના વિદ્યાર્થીઓ સ્વચ્છતા અભિયાનમાં જોડાશે. ક્રાંતિકારી મહિના તરીકે ઓગષ્ટ માસમાં વિદ્યાર્થીઓ 'સ્વચ્છ ભારત મારૂ નગર અને મારૂ ઘર' ને અનુલક્ષીને લોકોમાં જાગૃતિ લાવશે. આ યોજના અંતર્ગત પર્યાવરણ, વન એવં જલવાયુ પરિવર્તન મંત્રાલયના સચિવ અજય નારાયણ ઝા દ્વારા આદેશ આપવામાં આવ્યા છે. જેમાં શાળામાં ચાલતી ઈકો કલબના સભ્યો શાળામાં સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ કરશે. ત્યારબાદ વિદ્યાર્થીઓ હોસ્પિટલ અને જાહેર સ્થળો બાબતે પણ તંત્રના કાન પકડશે. આ સાથે સાથે જળ સંરક્ષણ અને જળ સંવર્ધન બાબતે લોકોને સાથે રાખીને જુદી જુદી પ્રવૃત્તિઓ હાથ ધરશે.

ગાંધીનગરમાં આવેલી નોડલ એજન્સી ગીર ફાઉન્ડેશનને દરરોજ સ્વચ્છતા બાબતે કરવામાં આવતી પ્રવૃત્તિઓનો અહેવાલ પણ આપવાનો રહેશે તેમ નિયામક આર.ડી. કંબોજ દ્વારા જણાવવામાં આવ્યુંછે. દરેક શાળા-મહાશાળાની પ્રવૃત્તિઓના ફોટોગ્રાફ તેમજ કામગીરીનો વિસ્તાર બાબતનો ઉલ્લેખ કરી અહેવાલ રજૂ કરવાનો રહેશે.



કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ ખાતે ગત અઠવાડીયામાં ઈન્ડસ્ટ્રી ઈન્સ્ટીટયુટ ઈન્ટરએકશન સેલ દ્વારા વર્ષ ૨૦૧૫-૧૬માં બી.કોમ. પાસ થયેલા વિદ્યાર્થીઓને માટે જોબ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઈન્ફીનીયમ ટોયેટો દ્વારા પસંદગી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. કુલ ૭૦માંથી ૧૧ વિદ્યાર્થીઓની સેલીંગ સ્કીલ્સ, આઈ.કયુ., ભાષાની પક્કડ જેવી સજજતાની ચકાસણી દ્વારા પસંદગી કરાઈ હતી. કંપની દ્વારા આ વિદ્યાર્થીઓને પ્રથમ ત્રણ માસ માટે ટ્રેનીંગ આપવામાં આવશે. જે નોકરીના ભાગરૂપ જ ગણાશે. દરેક વિદ્યાર્થીને સરેરાશ માસિક રૂ. ૧૦,૦૦૦ મળવાપાત્ર થશે.

### અડાલજ નજીક

# કેનાલમાં કૂદી ગયેલાં વૃદ્ધાને બચાવી લેવાયાં

## પીસીઆર વાનનાં બે પોલીસ કર્મી, ફાયરબ્રિગેડ અને રાહદારીઓએ મળીને કેનાલમાંથી વૃદ્ધાને બહાર કાઢી હોસ્પિટલ સારવાર અર્થે મોકલ્યાં

ગાંધીનગર, તા.૩

અડાલજ નજીક નર્મદા કેનાલના પુલ પરથી આજે સમી સાંજે એક વૃદ્ધાએ કોઈ કારણસર જીંદગીથી કંટાળી જઈને છલાંગ લગાવી દીધી હતી. સજજન રાહદારીનું ધ્યાન ડુબી રહેલી વૃદ્ધા પર પડતા તેણે તાત્કાલીક પીસીઆરને બોલાવી લીધી હતી. પીસીઆરના બે પોલીસ જવાનો એ ફાયરબ્રિગેડ બોલાવી રાહદારીઓની મદદ લઈ કેનાલમાંથી વૃદ્ધાને ડુબતા બચાવી લીધી હતી. વૃદ્ધાને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવી છે.



અડાલજ-દંતાલી નજીક કેનાલ પાસેથી પસાર થઈ રહેલા એક રાહદારીનું ધ્યાન કેનાલના પુલ પરથી છલાંગ લગાડી આપઘાતનો પ્રયત્ન કરનાર એક વૃદ્ધા પર પડયું હતું. ડુબી રહેલી વૃદ્ધાને બચાવવા કેનાલ પાસે પહોંચેલા રાહદારીએ ત્યાંથી પસાર થતી પીસીઆરને જોઈ બોલાવી લઈ ઘટના અંગે ધ્યાન દોર્યુ હતું. પીસીઆરના ઈન્ચાર્જ કોન્સ્ટેબલ રામસિંગ લાલજીભાઈ અને મનુભાઈ વેલજીભાઈ સ્થળ પર પહોંચી ગયા અને ફાયરબ્રિગેડને જાણ કરી બોલાવી લીધી હતી. ફાયરબ્રિગેડ પહોંચે ત્યાં સુધી વૃદ્ધાને બચાવવા પોલીસે એક ટ્રક ઉભી કરાવી તેમાંથી દોરડું લઈ કેનાલમાં ફેંકયુ હતુ અને ડુબતા અટકાવી રહ્યા હતા તે દરમિયાન ગાંધીનગર ફાયર બ્રિગેડના દિનેશભાઈ ચૌધરી તથા ટીમ પહોંચી ગયા અને કેનાલમાં પડીને વૃદ્ધાને જીવતી બહાર કાઢી હોસ્પિટલમાં સારવાર અર્થે મોકલી દીધી હતી. વૃદ્ધાને રાહદારીઓ, પોલીસ જવાન અને ફાયરબ્રિગેડની ટીમે બચાવી નવું જીવન અર્પણ કર્યું છે.

# પ્રકૃતિ ઉદ્યાનમાં દિપડીનું મૃત્યુ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર પ્રકૃતિ ઉદ્યાનમાં બિલાડી કુળના માદા દિપડીનું મૃત્યુ થતા પ્રકૃતિ પ્રેમીઓમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે.

ગાંધીનગર શહેરના એક માત્ર પ્રાણી સંગ્રહાલયમાં તાજેતરમાં માદા વાઘણું મૃત્યુ થયું હતું. તેની પહેલા સિંહણનું મૃત્યુ થયું હતું ત્યારે આજે વહેલી સવારે માદા દિપડીનું મૃત્યુ થતા નગરના પ્રકૃતિ પ્રેમીઓમાં શોકની લાગણી પ્રસરી છે.

સૌથી વધુ મુલાકાતીઓએ હાથીખાનાની બાજુમાં પાક ઓર્ડરની ઓફીસની વચ્ચે તે દિપડી રાખવામાં આવી હતી. તે દિપડી અગમ્ય કારણોસર મૃત્યુને ભેટી છે. આ દિપડીનું પોસ્ટમોર્ટમ કરીનો વન વિભાગનો જાણ કરવામાં આવશે.

**નામ બદલેલ છે**

મારું નામ કિશનકુમાર યોગેશ માકડીયામાંથી કિશન યોગેશ માકડીયા કરેલ છે. જેની યોગ્ય નોંધ લેવા વિનંતી છે.